અપીલ અરજી નં.૪૦૨ તા.૨૦–૩–૦૯

અરજદાર: શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી,
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી ડ્રાફટ ટી.પી.સ્કીમ–૫૬ (બમરોલી) માં બ્લોક નં.૧૭૭ સર્વે નં.૧૧૮ વાળી જમીન અંતિમખંડ–૮ની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૨ /૨૦૦૮–૦૯

શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી ડ્રાફટ ટી.પી.સ્કીમ–૫૬ (બમરોલી) માં બ્લોક નં.૧૭૭ સર્વે નં.૧૧૮ વાળી જમીન અંતિમખંડ–૮ની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૯ તા.૨૫–૩–૨૦૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/આ/૧૦ તા.૧–૪–૦૯ થી થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં ડ્રાફટ ટી.પી.સ્કીમ–૫૬ (બમરોલી) માં બ્લોક નં.૧૭૭ સર્વે નં.૧૧૮ વાળી જમીન અંતિમખંડ–૮ની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા જણાવવામાં આવેલ. જે માહિતી નહીં મળતાં અરજદારે નહીં મળેલા પ્રતિભાવથી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ/૮૧૪૩ તા.૧૭–૩–૦૯ થી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. છતાં માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તા.૧૭–૩–૦૯ ના પત્રથી અરજદારને પાઠવેલ પત્ર અનુસારની વિગત મુજબ મુદ્દા નં.૧ સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટનું રીઝર્વેશન કેટલા ચો.મી. છે? જે અંગે ડ્રાફટ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) માં અંતિમ ખંડ નં.૮, ક્ષેત્રફળ ૩૨૫૭૬ ચો.મી. ને સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટનું રીઝર્વેશન લાગુ પડે છે. મુદ્દા નં.૨ અંગે નેચર/કન્ઝર્વેશન પાર્કના રીઝર્વેશન કેટલા ચો.મી. માં આવે છે? જે અંગે ડ્રાફટ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) માં નેચર/કન્ઝર્વેશન પાર્કના રીઝર્વેશનનું ક્ષેત્રફળ ૩૮૦૮૫ ચો.મી. છે. મુદ્દા નં.૩ અંગે કુલ જમીન કેટલી અંતિમ ખંડ ૮ માં કેટલી જમીન કેટલા ચો.મી. ફાળવેલ છે? જે અંગે ડ્રાફટ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) માં અંતિમ ખંડ નં.૮, ક્ષેત્રફળ ૩૨૫૭૬ ચો.મી. છે. મુદ્દા નં.૪ અંગે કુલ જમીનમાં રીઝર્વેશન કેટલું કયા કયા વિભાગમાં છે? જે અંગે ડ્રાફટ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) માં અંતિમ ખંડ નં.૮, ક્ષેત્રફળ ૩૨૫૭૬ ચો.મી. ને સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ પ્લાન્ટનું મંજુર વિકાસ નકશા મુજબનું રીઝર્વેશન સ્થિત છે. મુદ્દા નં.૫ અંગે રીઝર્વેશનમાં કેટલી જમીન આવેલી નથી? જે અંગે ડ્રાફટ ટીપી સ્કીમ નં.૫૬(બમરોલી) માં અંતિમ ખંડ નં.૮, માં ટી. પી. સ્કીમ મુજબનું રીઝર્વેશન નથી પરંતુ મંજુર વિકાસ નકશા ૨૦૦૪ મુજબનું સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ પ્લાન્ટનું રીઝર્વેશન યથાવત છે. તેવી માહિતી પાઠવ્યાનું જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં સદર પત્રની નકલ પુનઃ અરજદારને મોકલી આપવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટીપી) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીપરમાર પુરૂષોત્તમ નાગજી,